# નવો વિસ્તાર હોવાથી બીએસએનએલનું નેટવર્ક નહિ મળે : આરટીઆઈ દ્વારા જાણવા મળ્યુ

## સરગાસણ ચોકડી વિસ્તારમાં ટેલીફોન બ્રોડબેન્ડ નેટવર્કથી રહિશો અકળાયા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરની આસપાસનો વિસ્તાર દિન દો ગુના... રાત ચો ગુના... ની જેમ વિકસીત થઈ રહ્યો છે. રહીશોને તમામ પ્રકારની સગવડો મળી રહે છે. હરિયાળા વિસ્તારના કારણે સેકટરમાં વસતા વસાહતીઓ પણ નવા વિસ્તારમાં કૂચ કરી રહ્યા છે. પરંતુ બીએસએનએલ નવા વિકસિત વિસ્તારમાં સગવડ આપી શકતું નથી. વિસ્તારના રહિશો બીએસએનએલ પાસે પુરતી સગવડની મીટ માંડીને બેઠા છે.

પાટનગરના અતિ પોશ ગણાતા સરગાસણ ચોકડી વિસ્તારના રહીશો બીએસએનએલના નેટવર્કથી હેરાન પરેશાન થઈ ગયા છે. અનેક ગ્રાહકો બીએસએનએલની કામગીરી સામે શંકા સેવી રહ્યા છે. વિસ્તારના અગ્રણી નિલેશ શાહે બીએસએનએલમાં આર.ટી.આઈ. દ્વારા વિસ્તારમાં નેટવર્ક ન હોવા માટે માહિતી માંગી હતી.

માહિતીમાં ડીવીઝન એન્જિનીયરે જણાવ્યું હતું કે સરગાસણ આજુબાજુનો વિસ્તાર નવવિકસિત છે.જેના કારણે અમે વિસ્તારમાં નેટવર્ક સ્થાપી શકયા નથી. ત્યારે સવાલ એ થાય કે શું નવા વિસ્તારમાં સગવડો આપવાની જ નહિ? કોઈ પણ વિસ્તારમાં સગવડ માટે પ્રથમ લાઈટ, પાણી, ગટર સહિતની સુવિધાઓ આપવામાં આવે છે.

દેશના વડાપ્રધાન ટેકનોલોજી અપનાવવાની વાતો કરી રહ્યા છે ત્યારે જો આ વિસ્તારના રહિશોને બીએસએનએલ બ્રોડબેન્ડ સેવા આપવામાં નહિ આવે તો ટેકનોલોજીથી સંપૂર્ણ સજ્જ દેશ કેવી રીતે બની શકશે.

નિલેશ શાહે વધુમાં જણાવ્યું છે કે બીએસએનએલ કંપની ખાનગી કંપનીઓને મલાઈ મળી રહે તે માટે આ વિસ્તારમા નેટવર્ક પુરું પાડવામાં આવતું નથી. ગાંધીનગર અમદાવાદને ટવીન સીટી ગણવામાં આવે છે. તેમજ શિક્ષણના કાશી તરીકે નામના ધરાવે છે ત્યારે સરગાસણ આજુબાજુના વિસ્તારમાં નેટવર્ક ન હોવું એ બહુ નવાઈની વાત છે.

ત્યારે બીએસએનએલ આ વિસ્તારમાં ઝડપથી નેટવર્કની સુવિધા પુરી પાડે તે માટે ધારાસભ્ય શંભુજી ઠાકોર અને સાંસદ પરેશ રાવલને લેખિત રજુઆત કરી છે. અને આ વિસ્તારનાં રહીશો ટેકનોલોજી યુગમાં કદમથી કદમ મિલાવે તે માટે ઝડપથી નિકારકણ લાવવા પણ જણાવ્યું છે.

# સાત વર્ષથી વોન્ટેડ લુંટારૂ ગાંધીનગર એલસીબીના સકંજામાં

## રિક્ષાને અવાવરૂ જગ્યાએ લઈ જઈ મુસાફરને છરી બતાવી લુંટી લેવાના બે ગુના આચર્યા હતા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર એલસીબીની ટીમે તાજેતરમાં જ રિક્ષા ગેંગને ઝડપી પાડી હતી. જેમણે અત્યાર સુધીમાં ૬૦ જેટલા ગુના આચર્યા હોવાની સનસની કબુલાત કરી હતી. દરમિયાન આજે વર્ષ ૨૦૦૮માં સે-૭ પોલીસ સ્ટેશનની હદમાં છરી બતાવી પેસેન્જરને લુંટી લીધાના બનેલા બે ગુનાઓ આચરનાર શખ્સ ગાંધીનગર એલસીબીના સકંજામાં આવી ગયો છે. સાત વર્ષથી વોન્ટેડ લુંટારૂની ધરપકડ કરીને એલસીબી પોલીસે ઉંડી તપાસ શરુ કરી છે.

શહેરના સેકટર-૭ પોલીસ



મથકની હદમાં વર્ષ ૨૦૦૮માં બે લુંટના ગુના નોંધાયા હતાં. પેસેન્જરને રીક્ષામાં બેસાડયા બાદ અવાવરૂ જગ્યાએ રીક્ષા ઉભી કરી દઈ છરી બતાવીને પેસેન્જર પાસેથી મોબાઈલ-પર્સ લુંટી લેવાયા હતા. છેલ્લા સાત વર્ષતી આ લુંટના ગુનામાં વોન્ટેડ કરતારસિંહ રતનાસિંહનો ગાંધીનગર એલસીબીની એબસ્કવોન્ડર સ્કવોર્ડે વાંકાનેર પાસેથી પકડી પાડીનો કરતારસિંહની ધરપકડ કર ઊંડી પુછપરછ શરુ કરી હતી. આરોપીની પુછપરછ બાદ સે-૭ પોલીસને સોંપી દેવામાં આવ્યો છે.



ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના અધ્યક્ષ રમેશભાઈ સોલંકીએ સાંસદ ડૉ. કિરીટ સોલંકીને શુભેચ્છા પાઠવી હતી તે તસ્વીર.

### બ્રહ્મસમાજ જીવનસાથી પસંદગી સંમેલન યોજશે

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા આગામી મે માસમાં લગ્નોત્સુક યુવક યુવતિઓ માટે જીવનસાથી પસંદગી સંમેલન યોજવામાં આવશે. સમગ્ર ગુજરાતમાં વસતા બ્રહ્મસમાજના યુવક યુવતિઓએ સંમેલનમાં ઉપસ્થિત રહેવા પ્રવેશફોર્મ સેકટર-૧૬ સ્થિત બ્રહ્મસમાજ કાર્યાલય સોમનાથ મહાદેવ મંદિર ખાતેથી ૩૧ માર્ચ દરમિયાન મેળવી પરત કરાવાના રહેશે.

# એસઓજીએ ત્રણ વર્ષથી વોન્ટેડ બુટલેગર ઝડપી પાડ્યો

## ભિલોડા પોલીસ સ્ટેશનમાં વોન્ટેડ આરોપીને કલોલમાંથી પકડી પાડવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે બાતમીને આધારે ભિલોડા પોલીસ સ્ટેશનમાં વોન્ટેડ આરોપીને તેના રહેણાંક વિસ્તાર કલોલ પાસેથી ઝડપી પાડ્યો છે. વર્ષ-૨૦૧૨થી આ આરોપી પ્રોહીબીશનના ગુનામાં વોન્ટેડ હતો. એસઓજીની ટીમે તેની ધરપકડ કરીને આરોપી ભિલોડા પોલીસને સોંપી દેવામાં આવ્યો છે.

નાસતા ફરતા આરોપીઓને શોધીને પકડી પાડવા માટે જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એસઓજી પી.આઈ. જયેશ બ્રહ્મભટ્ટે તે દિશામાં તેમની ટીમ સક્રીય કરી છે. દરમ્યાન પીએસઆઈ ઉત્સવ બારોટને બાતમી મળી કે એક વોન્ટેડ બુટલેગર કલોલ ખાતે ફરે છે જેને આધારે અરવલ્લી જિલ્લાના ભિલોડા પોલીસ સ્ટેશનના વર્ષ-૨૦૧૨ના ગુનામાં સંડોવાયેલા અને છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતાં આરોપી સુનીલ સુરેશ નાટકરની ખાનગી બાતમી આધારે વોચ ગોઠવી કલોલ ખાતે તેના ઘરેથી ઝડપી પાડ્યો છે. મહેન્દ્રમીલ રોડ, ઈન્દીરાનગર, કલોલ ખાતે રહેતા વોન્ટેડ બુટલેગર સુનિલ નાટકરની ધરપકડ કરી એસઓજીએ વધુ તપાસ માટે તેને ભિલોડા પોલીસમથકે સોંપી દીધો છે.

### શહેરમાંથી ચોરાયેલુ બાઈક ૨૪ કલાકમાં બિનવારસી મળી આવ્યુ

ગાંધીનગર નજીક આવેલા પ્રાંતિયા ગામમાં રહેતા જશુભાઈ મનુભાઈ પ્રજાપતી તેમનું સ્પ્લેન્ડર બાઈકનાં. જીજે-૧૮-એ.એન. ૬૧૧૬ લઈને ગઈકાલે સે. ૨૧ શાકમાર્કેટ પાસે આવ્યા હતા. મચ્છી બજાર પાસે પાર્ક કરેલુ તેમનું બાઈક ચોરી થઈ જવા પામ્યું હતું. જે અંગે સે. ૨૧ પોલીસમથકે ફરીયાદ પણ આપવામાં આવી, દરમ્યાન ચોરીના બનાવને ૨૪ કલાક પણ થયા ન હતા ત્યાં આજે સવારે આ ચોરાયેલું બાઈક બિનવારસી હાલતમાં સે. ૨૨ પંચદેવ મંદિર નજીકથી મળી આવ્યું હતું.

### આજે જાખોરા-રાજપુર ખાતે આરોગ્ય કેમ્પ

ગાંધીનગર જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ શાખા દ્વારા તાલુકા હેલ્થ અધિકારી અને ડભોડા પીએચસીના સહયોગથી તા. ૧૪મી માચ સોમવારે સવારે ૮ થી સાંજના ૪ વાગ્યા દરમિયાન જાખોરા-રાજપુર ખાતે આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ૧૯ થી ૪૫ વર્ષના ગ્રામજનો માટે વિવિધ રોગોની તપાસ કરી આપવામાં આવશે.

આદર્શ ગ્રામ જાખોરા-રાજપુર ખાતે આયોજિત આ આરોગ્ય કેમ્પમાં બ્લડગૃપ, ડાયાબીટીશ, એચબી રિપોર્ટ, બીએમઆઈ, સ્ત્રી રોગ તેમજ અન્ય તપાસ કરી આપવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા ૧૯ વર્ષથી ૪૫ વર્ષના તમામ ગ્રાજમનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# નાયબ કલેકટરમાંથી અધિક કલેકટરમાં બઢતી આપવાની પ્રક્રિયામાં વિલંબ

ગાંધીનગર, તા.૧૫

અધિક કલેકટર સંવર્ગમાં બઢતી આપવાની પ્રક્રિયા વિલંબમાં પડવા પામી છે અને હવે આ સપ્તાહમાં ગમે ત્યારે બઢતી બદલનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ખાલી પડેલી અધિક કલેકટર સંવર્ગની જગ્યાઓ બઢતીથી ભરવા માટેની પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી હતી.

નાયબ કલેકટર સંવર્ગના અધિકારીઓને અધિક કલેકટર સંવર્ગમાં બઢતી આપવા માટે ડીપીસીની બેઠક સહીતની પ્રક્રિયાઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. જો કોઈ અન્ય વહીવટી કારણોસર બઢતી આપવાની પ્રક્રિયા વિલંબમાં પડી જવા પામી છે. અંદાજે ૩૮ જેટલા નાયબ કલેકટરોને અધિક કલેકટર તરીકે બઢતી આપવાની ફાઈલ વિભાગે મુખ્યમંત્રી કાર્યાલયને મંજુરીની મહોર મારવા માટે મોકલી આપી છે અને આ સપ્તાહમાં ગમે ત્યારે બઢતી અને બદલીનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# લેબર કોન્ટ્રાકટર ૧૬ વર્ષની કિશોરીને ભગાડી જતા ફરીયાદ

## લગ્ન પ્રસંગે રસોડામાં લેબર તરીકે કિશોરી જતી હતી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેર નજીકના એક ગામમાં રહેતી ૧૬ વર્ષની કિશોરી અમદાવાદ નાના ચિલોડાના એક લેબર કોન્ટ્રાકટર સાથે લગ્ન પ્રસંગે રસોડામાં લેબર કામ અર્થે જતી હતી. આ કિશોરીને આજે પરોઢીયે લેબર કોન્ટ્રાકટર ભગાડી ગયો હોવાની ફરીયાદ સે. ૨૧ પોલીસ મથકે નોંધાવા પામી છે. સે. ૨૧ પી.આઈ. બી.એલ. ચાવડાએ કિશોરીની માતાની ફરીયાદ લઈ લેબર કોન્ટ્રાકટર સામે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરને અડીને આવેલા એક ગામમાં રહેતી ૧૬ વર્ષની કિશોરી લગ્ન પ્રસંગે રસોડાના ઓર્ડરમાં લેબર તરીકે જતી હતી. લેબર કોન્ટ્રાકટર ગૌતમ નટુભાઈ રહે. નાના ચિલોડા અમદાવાદના માધ્યમથી તેણી લેબર તરીકે જતી હતી. આ લેબર કોન્ટ્રાકટર આજે વહેલી સવારે કિશોરીને લલચાવી-ફોસલાવીને જાર કર્મ કરવાના ઈરાદે ભગાડી ગયો હોવાની ઘટના બનવા પામી છે. જે અંગે કિશોરીની માતાએ સે. ૨૧ પોલીસમથકે ફરીયાદ આપતા પી.આઈ. બી.એલ. ચાવડાએ લેબર કોન્ટ્રાકટર ગૌતમ સામે કલમ ૩૬૩, ૩૬૬, પોસ્કો મુજબ ગુનો દાખલ કરી તેની શોધખોળ શરૂ કરી છે. જો કે હજુ સુધી બંનેનો કોઈ પત્તો લાગ્યો નથી.

# ગાંધીનગર જિલ્લામાં ગુણવત્તાયુક્ત પૂરતા દબાણથી વીજ પુરવઠો મળવામાં મુશ્કેલી

## ૨.૫૯ કરોડના ખર્ચે ૨૪ ફીડરોનું વિભાજન કરવા છતાં સમસ્યા યથાવત્ : પુરતા દબાણ અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠાના અભાવે જ્યોતિગ્રામ યોજના પણ પ્રભાવિત

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળવામાં મુશ્કેલી આવી રહી છે. આ સમસ્યાના સમાધાન માટે રાજ્ય સરકાર દ્વારા લગભગ રૂ. ૨.૫૯ કરોડના ખર્ચે ફીડર વિભાજન કરવામાં આવ્યું છે. છતાં હજુ પણ સમસ્યાનો ઉકેલ આવવા પામ્યો નથી.

વીજ પુરવઠામાં પુરતુ દબાણ ના મળવાને કારણે તેમજ ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો ના મળવાને કારણે જિલ્લામાં લાગુ કરાયેલ જ્યોતિગ્રામ યોજનાને પણ અસર પડી રહી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં તેમજ ખેતીકાર્યો માટે આપવામાં આવતી વીજળીના પુરવઠામાં યોગ્ય દબાણના અભાવે યોગ્ય રહીશો તેમજ ખેડૂતોને અનેક મુશ્કેલીઓ નડી રહી છે. ગુણવત્તાયુક્ત વીજ પુરવઠાની સમસ્યાને ઉકેલવા સરકારે છેલ્લા બે વર્ષમાં રૂ. ૨૫૯.૨૭ લાખનો ખર્ચ કરી કુલ ૨૪ ફીડરોનું વિભાજન કર્યું છે. આ કરોડોના ખર્ચે ફીડર વિભાજન કરવા છતાં હજુ પણ આ સમસ્યા ઉકેલાઈ નથી અને તેના કારણે જ્યોતિગ્રામ યોજનાને પણ અસર પડી રહી છે. સરકાર દ્વારા સત્વરે આ બાબતે યોગ્ય ઉકેલ શોધવાની દિશામાં પગલાં લેવાય તે માટેની માંગ વીજ ગ્રાહકોમાં ઉઠવા પામી છે.

# પ્રદેશ કોંગ્રેસ સમિતિની અંજલિ

## ગાંધીવાદી નારાયણભાઈ દેસાઈના અવસાનથી ગાંધી વિચારોનો જીવનદીપ બુઝાયો : કોંગ્રેસે જૂની પેઢીના અગ્રણી ગુમાવ્યા

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત કોંગ્રેસના પૂર્વ સાંસદ દોલતસિંહ જાડેજા અને નારાયણભાઈ દેસાઈનું હાલમાં અવસાન થવા પામ્યું છે. ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અહેમદ પટેલ શોક વ્યક્ત કરી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા છે.

સ્વર્ગસ્થ દોલતસિંહ જાડેજા ત્રણ વખત પ્રજાના પ્રતિનિધિ તરીકે લોકસભામાં ચૂંટાયા છે. પ્રજાના કામોમાં સતત કાર્યશીલ રહ્યા છે. દોલતસિંહના નિધનથી ગુજરાતે એક જૂની પેઢીના અગ્રણી ગુમાવ્યા છે અને તેમની ખોટ ક્યારેય પુરાશે નહિ તેમ ભરતસિંહ અને અહેમદ પટેલે જણાવ્યું છે.

ગુજરાત વિદ્યાપીઠ સહિત ગાંધી મુલ્યોની સંસ્થાઓને નેતૃત્વ આપનાર નારાયણભાઈ દેસાઈના અવસાન અંગે દુ:ખ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે નારાયણભાઈનું સમગ્ર જીવન ગાંધી મૂલ્યોની જાળવણી અને પ્રચાર પ્રસાર માટે રહ્યું છે. તેમનું જીવન જીવતી જાગતી ગાંધી મૂલ્યોની યુનિવર્સિટી હતુ. તેમના નિધનથી ગાંધી વિચારસરણીનો જીવનદીપ બુઝાયો છે તેમ ભરતસિંહે જણાવ્યું હતું.

સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અહેમદ પટેલ નારાયણભાઈ દેસાઈના નિધન અંગે ઉંડો શોક વ્યક્ત કરતા જણાવ્યું હતું કે દેસાઈનું જીવન સાચા અર્થમાં લોકો માટે માર્ગદર્શક હતુ. તેમણે આજીવન ગાંધી મૂલ્યોની સાચવણી માટે પોતાનું જીવન ખર્ચ્યું છે.




અમદાવાદના જિલ્લા પંચાયત પાસે ગ્રાહક સુરક્ષા દ્વારા ભાવ વધારાના વિરોધમાં દેખાવો કરાયા હતા.

# સબ્સિડીની યોગ્ય ફાળવણી અંગે ગંભીર પ્રશ્નો થાય છે

અમદાવાદ, તા.૧૫

ભારત સરકારના રસાયણ અને ફર્ટિલાઈઝર મંત્રાલય દ્વારા ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલ્સ પ્રા.લિ. (જીએસએફસી)ને સબસીડી પેટે ચૂકવણી અંગે તા. ૧૮-૦૩-૨૦૧૩ ના રોજ એક મેમોરેન્ડમ બહાર પાડવામાં આવ્યું છે.

આ મેમોરેન્ડમ એમોનિયમ સલ્ફેટ (કેપ્રોલેકમ ગ્રેડ)ના વેચાણા માટે ભારત સરકાર તરફથી જીએસએફસીને મળેલ સબસીડીની યોગ્ય ફાળવણી અંગે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. કેન્દ્રની યુપીએ સરકારે ખેડુતોના હિતમાં ગુજરાત સરકારની કંપનીને ૨૦૧૦થી સબસીડીની રકમ ફાળવી હતી પણ આ કંપનીએ આ બાબતે ખેડુતોને સબસિડી ચૂકવી નથી ત્યારે ગુજરાત સરકારની ખેડુત વિરોધી નીતિ અંગે મુખ્યમંત્રીને પત્ર લખતાં કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ સાંસદ એહમદ પટેલે કહ્યું કે, આ મેમોરેન્ડમાં ન્યુટ્રિઅન્ટ બેઝડ સબસિડિ પોલીસ(એચબીએસપી) હેઠળ ૧-૪-૨૦૧૦થી તેને મળેલી સબસિડીની તમામ રકમ કંપનીએ તેનો લાભ ખેડુતોને આપેલ ન હોવાથી, રિફંડ કરવા જીએસએફસીને જણાવવામાં આવેલ છે. આ મેમોરેન્ડમમાં જણાવ્યા મુજબ સબસિડી મળ્યા પછી પણ, જીએસએફસીએ એમોનિયમ સલ્ફેટ ઉપરના તેની મહત્તમ છુટક વેચાણ કિંમત (એમઆરપી) માં ઘટાડો કર્યો નથી. જો આ વાત સાચી હોય તો આ બાબત ગુજરાતના નાગરિકો સાથે જીએસએફસી દ્વારા ગંભીર વિશ્વાસ ભંગ છે.

૨૦૧૦ અને ૨૦૧૪ વચ્ચેના જીએસએફસીના વાર્ષિક અહેવાલોની ઝીણવટપૂર્વક તપાસ કરતાં એવું સ્પષ્ટ થાય છે કે, કંપની ફિકસ સબસિડી અને ફલોરીંગ પ્રાઈસીસ ની છૂટ આપે છે અને એનબીએસની નીતી દાખલ કરવાની બાબતને આવકારે છે, અને વિવિધ વર્ષો માટેના તેના નાણાંકીય અહેવાલો પણ ભારત સરકાર દ્વારા સબસિડીની ચૂકવણીને પ્રતિબિંબત કરે છે. વરિષ્ઠ સાંસદ એહમદ પટેલ વધુમાં પત્રમાં જણાવ્યું હતું કે, જીએસએફસીમાં વિશેષતઃ ૨૦૧૦-૨૦૧૨ની વચ્ચેના સહિતના છેલ્લા કેટલાંક વર્ષોમાં સારો પ્રસંશનીય બાબત છે. પરંતુ જીએસએફસીના મુખ્ય ગ્રાહકો એવા ખેડુતોને લાભાથી વંચિત રાખવાના ભોગે ના હોવી જોઈએ. ખેતીમાં વળતર પ્રમાણમાં ઓછું છે અને તેથી આ ક્ષેત્રે કામ કરતી સરકારી સહાયથી ચાલતી કંપનીઓનો મૂળભૂત આશય નફો કરવાનો ન હોવો જોઈએ. આ બાબત જીએસએફસી જેવી સંસ્થાઓના નિર્માણના મૂળભૂત હેતૂની વિરૂધ્ધની છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૯
સૂર્યાસ્ત : ૬.૫૦

## તાપમાન

મહત્તમ : ૩૧.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૯.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૯ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

**સ્ક્રીન-૨ :**

એન. એચ-૧૦ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૩ :**

હે... બ્રો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### સિટીપલ્સ

**: સ્ક્રીન-૨ :**

એન. એચ-૧૦ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**: સ્ક્રીન-૩ :**

એન. એચ-૧૦ : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪ :**

એન. એચ-૧૦ : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

દમ લગાકે હેઈસા : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫ :**

કેનવાસ (ગુજરાતી) : ૭.૦૦

## આપની આજ

**મેષ** : કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સફળ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**વૃષભ** : નવા પ્રસ્તાવ પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સુખમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થશે.

**મિથુન** : આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. ઋણ સંબંધી કાર્યોમાં સંય રાખવું. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું. કૌટુંબિક ઉન્નતિ થશે.

**કર્ક** : મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે. નવા આર્થિક સ્રોત પર કાર્ય થશે. વિવાદિત નિર્ણય પક્ષમાં આવી શકે છે.

**સિંહ** : નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રે વિશેષ યાત્રાઓ થશે. ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો નવા કાર્યોથી દૂર રહો. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પાપ્તિનો યોગ.

**કન્યા** : સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્ય થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે.

**તુલા** : સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ઋતુ અનુસાર ખાનપાન કરવું. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બની રહ્યો છે. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. શુભ માંગલિક કાર્યનો યોગ બનશે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ થશે.

**ધન** : ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. પ્રેમ સંબંધમાં સફળતા મળવાનો યોગ છે. વ્યસ્તતામાં વધારો થશે. નવીન કાર્ય કરવાની તક પણ વધશે.

**મકર** : આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો. શિક્ષા, સંતાન, પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી ભાગ્યવર્ધક યોગ બની રહ્યા છે.

**કુંભ** : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોક પ્રશંસા કરશે. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે.

**મીન** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વિચારો સકારાત્મકા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે.

## ચિરવિદાય

- સ્વ. મગનભાઈ હિરાભાઈ પટેલ (ઉ.વ.૭૭) પ્લોટ નં. ૧૦૮૮/૧, સેકટર-૪એ, ગાંધીનગર
- સ્વ. લાખાભાઈ બેચરભાઈ પરમાર (ઉ.વ. ૯૦) સેકટર-૨૪, ઈન્દિરાનગર છપરાં, ગાંધીનગર